## પૂજા સ્થળ, મંદિર વગેરે માટે પ્રાર્થના

હે પરબ્રહ્મ, દૈવિક પિતા, દૈવિક માતા,
મારો ઉચ્ચ આત્મા, મારા આધ્યાત્મિક માર્ગદર્શકો,
સહાયકો તથા ગુરૂજનો, સમસ્ત આધ્યાત્મિક માર્ગદર્શકો,
સહાયકો તથા ગુરૂજનો, સમસ્ત ઉપચારાત્મક દેવદૂતો
તથા દિવ્ય જીવો, મહાન કર્મમંડળ.

હે ઈશ્વર હું વિનમ્રતાપૂર્વક દિવ્ય આશીર્વાદનું આહવાન કરું છું કે, હું આ સ્થાન પર આપના આશીર્વાદનું સાધન બની રહું. ઈશ્વર આપ મારું તદ્દનુસાર માર્ગદર્શન અને રક્ષણ કરો.

હું એજ છું જે હું છું.

આ સ્થાન પર દિવ્ય પ્રકાશની સમુદ્ધી રહો. દિવ્ય પ્રકાશ દિવ્ય અગ્નિ બનીને અહીંની બધી જ નકારાત્મક ઉર્જાઓને પ્રજલિત (બાળીને) કરી તેને દિવ્યપ્રકાશમાં પરિવર્તીત કરી નાંખે. દિવ્ય અગ્નિ આ સ્થળના ખૂણેખુણામાં પ્રવાહિત થાઓ. અહીં અગ્નિ રહો, અગ્નિ રહો, અગ્નિ રહો ફક્ત દિવ્ય અગ્નિ રહો.

આ સ્થાન પર અઢળક, દિવ્ય પ્રેમ, દિવ્ય કરુણા, દિવ્ય દયા, ઉપચારાત્મક ઉર્જા, સમૃદ્ધિ, આનંદ, દિવ્ય સમાધાન, આધ્યાત્મિકતા અને દિવ્ય પરમાનંદ ના આશીર્વાદ રહે.

સર્વે જનો માં રહેલા દરેક ભય અને શંકાઓને કૃપા કરી દૂર કરો.

જે પણ અહીં ઉપચાર માટે આવે એને આરોગ્ય પ્રાપ્ત થાઓ, બધાં ને વિવેક તથા જ્ઞાનના આશીર્વાદ પ્રાપ્ત થાઓ. દરેક દુઃખોને બદલે પ્રસન્નતા તથા આનંદ છવાઈ જાય. બધાંને અઢળક સમુદ્ધિના આશીર્વાદ પ્રાપ્ત થાઓ. બધાં લોકો એકબીજાને આપવા માટે તથા વહેંચવા માટે તત્પર રહે. બધાંમાં એકાત્મકતા રહે.

બધાના હૃદયમાં શાંતિ, સદ્દભાવના તથા એકતા રહે. અહીં ઉપસ્થિત બધા દિવ્ય પ્રાણીઓને દિવ્ય પ્રકાશ, દિવ્ય શક્તિ, દિવ્ય પ્રેમ, દિવ્ય કરુણા, દિવ્ય દયા, દિવ્ય વિવેક, દિવ્ય જ્ઞાન તથા આધ્યાત્મિકતાની સમુદ્ધિના આશીર્વાદ પ્રાપ્ત થાઓ. અહીંના કાર્યકર્તાઓને દિવ્ય માર્ગદર્શનના આશીર્વાદ મળે જેનાથી તેઓ પોતાનું કાર્ય સંપૂર્ણ સચ્ચાઈ, પ્રમાણિકતા તથા પવિત્ર ભાવથી કરે.

હે ઈશ્વર આપનો આભાર, આભાર, આભાર.



Copyright @ All rights reserved

# ઊંઘ દ્વારા શિક્ષણ/જ્ઞાન

**હે પરબ્રહ્મ,**
**દૈવિક પિતા, દૈવિક માતા**
**મારો ઉચ્ચ આત્મા,**
**મારા સમસ્ત આધ્યાત્મિક માર્ગદર્શકો**
**અને ગુરૂજનો.**
**આજે મારા એસ્ટ્રલ બોડી**
**(ભાવનાત્મક શરીર)**
**નું રક્ષણ અને માર્ગદર્શન કરો. જેથી**
**આજે મારી ઊંઘ દરમ્યાન**
**તે યોગ્ય આકાશિય શાળામાં**
**.........નું શિક્ષણ મેળવી શકે.**

---

**આપનો આભાર, આભાર, આભાર**

સુતી વખતે આરામ દાયક સ્થિતિ માં આંખો બંધ કરી દો. તમારા શ્વાસ ની ગતિ પર ધ્યાન દો અને ધીરે ધીરે ધીમા, પણ ઊંડા શ્વાસ લો.
જયારે પણ ઉઠો ત્યારે, આ શિક્ષણ મેળવવા બદલ આભાર, આભાર, આભાર કહો.

Copyright @ All rights reserved

## અવયવો માટેની ક્ષમા

(અવયવોનું નામ) _______ વર્ષો પછી, મને ખબર પડી કે, તમે ક્યાં છો, માટે આભાર. તમે ક્યાં આવેલા છો તે મને ખબર ન હોવા છતાં તમે મારી સંભાળ લીધી.
તમે મારા માટે દિવસ અને રાત ખૂબ જ મેહનત કરી છે.
આટલા વર્ષોથી તમને ન ગમતી બધી વસ્તુઓ ને લઈને મેં તમને ક્ષતિગ્રસ્ત કર્યા છે તેથી મને માફ કરો.
મારે તમારી જરુર છે. મેં જાણતાં કે અજાણતાં તમને કોઈ પણ રીતે નુકસાન પહોંચાડ્યું હોય તો મને માફ કરશો.
હવે આજ પછીથી હું તમારી સંભાળ રાખીશ.
હું હવેથી _____ નો વપરાશ નહીં કરું. હવે હું જાણી ગયો છું/ગયી છું કે, તે તમારા માટે યોગ્ય નથી. કૃપા કરીને મારા જીવનના અંત સુધી મારી સાથે રહો. મારે તમારી જરુર છે. હું તમને પ્રેમ કરું છુ. હવેથી હું તમારી સાર-સંભાળ રાખીશ. હવે મને ખબર પડી ગઈ છે કે તમને શું, સૌથી વધુ નુકસાન પહોંચાડે છે. મને સ્વસ્થ રાખવા બદલ આભાર.
આભાર, આભાર, આભાર.

<u>ઉદાહરણ: 35 વર્ષની ઉંમરે વ્યક્તિ નું સ્વાદુપિંડ.</u>

સ્વાદુપિંડ, 35 વર્ષ પછી, મને ખબર પડી કે તમે ક્યાં છો ? આભાર.
મારી જાણ બહાર હતું કે તમે ક્યાં છો, તમે મારી સંભાળ લીધી.
તમે મારા માટે દિવસ અને રાત ખૂબ જ મહેનત કરી.
તમને ન ગમતી બધી વસ્તુઓ લઈને મેં તમને ઘણા વર્ષો થી ક્ષતિગ્રસ્ત કર્યા. મહેરબાની કરીને મને માફ કરો. મારે તમારી જરુર છે. મેં જાણતાં કે અજાણતાં તમને કોઈ પણ રીતે નુકશાન પહોચાડ્યું હોય તો મને ક્ષમા કરશો. હવેથી હું તમારી સંભાળ રાખીશ.
હું ખાંડ, મીઠી વસ્તુઓ કે અતિરિક્ત કાર્બોહાઈડ્રેટ્સ નું સેવન નહીં કરું.
હવે હું જાણી ગયો છું કે તે તમારા માટે સારા નથી.
કૃપા કરીને મારા જીવનના અંત સુધી મારી સાથે રહેજો.
મારે તમારી જરુર છે. હું તમને પ્રેમ કરું છુ. હવેથી હું તમારી સાર-સંભાળ રાખીશ. હવે મને ખબર પડી ગઈ છે કે તમને શું, સૌથી વધુ નુકસાન પહોંચાડે છે. મને સ્વસ્થ રાખવા બદલ આભાર.
આભાર, આભાર, આભાર.

Copyright @ All rights reserved

# આધ્યાત્મિક અભીકથન

**પોતાની આધ્યાત્મિક શક્તિ**
**વધારવાના હેતુથી તથા**
**પોતાના ઉચ્ચ આત્મા સાથે**
**સંપર્ક સ્થાપિત**
**કરવા માટે નું અભીકથન.**

Copyright @ All rights reserved

(આ વાંચતી વખતે દિવ્ય અગ્નિને પોતાની તરફ આવવા દો
તથા આ દિવ્ય અગ્નિને આપણી ચારે તરફ આવરી લેવા દો)

**હું દિવ્ય અગ્નિનો જીવ છું.**
**હું એજ પવિત્રતા છું જેની, ઈશ્વર ઇચ્છા રાખે છે.**
(૫ વખત કે તેથી વધુ જરૂરિયાત મુજબ દિવસમાં ગમે તેટલી વાર કરી શકો છો.)

**મારો આત્મા દિવ્ય અગ્નિનો આત્મા છે.**
**મારો આત્મા એ એજ પવિત્રતા છે જેની ઈશ્વર ઈચ્છા રાખે છે.**(૫ વખત કે તેથી વધુ જરૂરિયાત મુજબ)

(આ બંને લાઈનો આપણે આપણા ઘર, ઓફિસ, ગામ, શહેર, દેશ, પતિ, પત્ની, બાળકો તથા અન્ય કોઈપણ વ્યક્તિ માટે પણ બોલી શકીએ છીએ.) જેમ કે, "મારું ઘર દિવ્ય અગ્નિનું સ્થાન છે, મારું ઘર એજ પવિત્રતા છે જેની ઈશ્વર ઈચ્છા રાખે છે." (દરેક ૩ વાર કરો)

ધરતી, આકાશ અને સમુદ્રના પ્રાકૃતિક જીવ એ દિવ્ય અગ્નિના જીવ છે,
ધરતી, આકાશ અને સમુદ્રના પ્રાકૃતિક જીવ એ એજ પવિત્રતા છે, જેની ઈશ્વર ઈચ્છા રાખે છે. (૩ વખત)

ધરતીમાતા દિવ્ય અગ્નિનો ગ્રહ છે,
ધરતીમાતા એ એજ પવિત્રતા છે જેની ઈશ્વર ઈચ્છા રાખે છે. (૩ વખત)

આપણો ચંદ્ર એ દિવ્ય અગ્નિનો ઉપગ્રહ છે,
આપણો ચંદ્ર એજ પવિત્રતા છે જેની ઈશ્વર ઈચ્છા રાખે છે. (૩ વખત)

આપણો સૂર્ય એ દિવ્ય અગ્નિનો સિતારો છે,
આપણો સૂર્ય એ એજ પવિત્રતા છે જેની ઈશ્વર ઈચ્છા રાખે છે. (૩ વખત)


Copyright @ All rights reserved

# હું છું

હું આ ભૌતિક શરીર નથી,
હું એજ છું જે હું છું. (૭ સેકંડ શાંત રહો)

હું આ ખોટી ભાવના નથી,
હું એજ છું જે હું છું. (૭ સેકંડ શાંત રહો)

હું આ ખોટો વિચાર નથી,
હું એજ છું જે હું છું. (૭ સેકંડ શાંત રહો)

હું આ વિચલિત મન નથી,
હું એજ છું જે હું છું. (૭ સેકંડ શાંત રહો)

હું એક આત્મા છું.
મારું શરીર મારી આત્માનું મંદિર છે.
હું એક દિવ્ય ચમકારો છું.

ઈશ્વર મારો સર્જક છે.
હું ઈશ્વર સાથે એકાકાર છું.

દિન પ્રતિદિન હું મારા કર્મોનું સંતુલન કરી રહી/રહ્યો છું.
હું આ દિવ્ય નિર્દેશન તથા યોજનાનો સ્વીકાર કરું છું.

હું ઈશ્વરની પૂર્ણતાને શરીર, મન અને આત્મા રૂપે વ્યક્ત છું.
હું ઈશ્વરની પવિત્રતા છું તથા ઈશ્વરનું પ્રતિરૂપ છું.
હું એજ પવિત્રતા છું જેની ઈશ્વર ઈચ્છા રાખે છે.

હું એજ છું જે હું છું. (૩ વખત)

હું ઈશ્વર સાથે એકાકાર છું.
હું બધાં જ સાથે એકાકાર છું.


Copyright @ All rights reserved

# હું પ્રકાશ છું

હું પ્રકાશ છું, ઝળહળતો પ્રકાશ, ફેલાતો પ્રકાશ, તીવ્ર પ્રકાશ.

ઈશ્વર મારા અંદરના અંધકારનો ક્ષય (નાશ) કરીને પ્રકાશમાં પરિવર્તિત કરે છે.

આજના દિવસે હું સર્વલૌકિક સૂર્યનું કેન્દ્રબિંદુ છું.
મારી અંદરથી થઈને એક નિર્મળ નદી વહે છે.
હું પ્રકાશનો એવો જીવંત ફુવારો છું જે મનુષ્યની ભાવના અને વિચારધારાથી પર(અલગ) છે.

હું ઈશ્વરની દૂરસ્થ સીમાચોકી છું.

હું પ્રકાશની એવી શક્તિશાળી નદી છું જે એવા અંધકારને ગળી જશે જેણે મારો ખોટી રીતે ઉપયોગ કર્યો છે.

હું પ્રકાશ છું, પ્રકાશ છું, પ્રકાશ છું.

હું પ્રકાશ માં રહું છું, પ્રકાશ માં રહું છું, પ્રકાશ માં રહું છું.

હું પ્રકાશ છું, પૂર્ણ આયામ છું.
હું પ્રકાશ છું, શુદ્ધ ઉદ્દેશ્ય છું.
હું પ્રકાશ છું, પ્રકાશ છું, પ્રકાશ છું.

હું દુનિયામાં જ્યાં પણ જાઉં છું ત્યાં પ્રકાશનું પૂર લઈ આવું છું.

ઈશ્વરના આશીર્વાદ બધા સુધી પહોચાડું છું.

ઈશ્વરના રાજ્યનો ઉદ્દેશ મજબૂત કરું છું તથા આ ઉદ્દેશ બધાં સુધી પહોચાડું છું.

હું પ્રકાશ છું, પ્રકાશ છું, પ્રકાશ છું.


Copyright @ All rights reserved

# ધરતીમાતા માટે પ્રાર્થના

હે પરબ્રહ્મ, દૈવિક પિતા, દૈવિક માતા,
મારો ઉચ્ચ આત્મા,
મારા આધ્યાત્મિક માર્ગદર્શકો, સહાયકો તથા ગુરૂજનો, સમસ્ત આધ્યાત્મિક માર્ગદર્શકો, સહાયકો તથા ગુરૂજનો, સમસ્ત ઉપચારાત્મક દેવદૂતો, ધરતીમાતાનાં દિવ્ય રક્ષકો, ધરતીમાતાનાં સમસ્ત પ્રાકૃતિક જીવો, મહાન કર્મમંડળ.

ઈશ્વર હું વિનમ્રતા પૂર્વક દિવ્ય આશીર્વાદનું આહવાન કરું છું કે હું ધરતીમાતા ઉપર ઈશ્વરના આશીર્વાદનું સાધન બન્યો/બની છું. ઈશ્વર આપ મારું તદ્દઅનુસાર માર્ગદર્શન કરો અને સુરક્ષા પ્રદાન કરો.

હું એજ છું જે હું છું.

ધરતીમાતા પર દિવ્ય પ્રકાશ, દિવ્ય શક્તિ તથા દિવ્ય બુદ્ધિમત્તા બની રહે. દિવ્ય પ્રકાશ એ બધીજ નકારાત્મક ઊર્જાઓને પ્રજાળીત કરી નાંખે, જે ધરતી પર એકતા અને એકાત્મકતાને રોકી રહી છે.

ધરતીમાતા પર શાંતિ અને સદ્દભાવના બની રહે.
ધરતીમાતા પર ધન, ધાન્ય અને જળની સમૃદ્ધિ રહે. ધરતીમાતા નું પ્રત્યાવર્તન થાય તથા તેને નવું જીવન મળે.

દરેક પ્રાણીઓમાં પ્રેમ, દયા, કરુણા, આનંદ તથા આધ્યાત્મિક્તાની ભાવના રહે.

ધરતીમાતા પર ઈશ્વરીય જ્યોતને પ્રજ્વલિત રાખનાર બધાં જ લોકો પર દિવ્ય પ્રકાશ, દિવ્ય શક્તિ, દિવ્ય બુદ્ધિમત્તા તથા દિવ્ય જ્ઞાનના આશીર્વાદ સદા વરસતા રહે.

ઈશ્વર બધામાં રહેલી તમામ શંકા અને ડરને દૂર કરો તથા દરેક પ્રાણીઓમાં એકાત્મતાને જાગૃત કરો.

હે ઈશ્વર આપનો આભાર, આભાર, આભાર.


Copyright @ All rights reserved